# વાજતે ગાજતે દશામાના વ્રતની ઉજવણી

## ઈન્દ્રોડા ખાતે સાબરમતી નદીના ઓવારે ડીજેના નાદ સાથે માતાજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું







શહેરમાં છેલ્લા દોઢ બે દાયકાથી ગણેશોત્સવની જેમ દશામાનું વ્રત ઘણું પ્રચલિત બન્યું છે. વ્રતધારકો માતાજીની નાની મોટી મૂર્તિ સ્થાપિત કરીને દશામાની આરાધના કરે છે. અને વ્રતની પૂર્ણાહુતિ પર વાજતે ગાજતે મૂર્તિને સ્થાપના સ્થળથી જળાશય સુધી લઈ જવાય છે, અન જળમાં પધરાવવામાં આવે છે.ત્યારે ગતરોજ રાત્રી દરમિયાન નદીઓમાં દશામાંની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.ત્યારે ગતરોજ રાત્રી દરમિયાન ઈન્દ્રોડા ખાતે સાબરમતી ના ઓવારે માતાજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.જેના ઉપરોક્ત દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. દિવાસાથી શરૂ થતાં દશામાના વ્રતની ઉજવણી માટે મહિલાઓ તથા કુંવારિકાઓમાં ગજબનો ઉત્સાહ અને ભક્તિભાવ જોવા મળ્યો હતો. વ્રતની શરૂઆત કરનાર પ્રત્યેક માઈભક્તો ૧૦ દિવસના ઉપવાસ રાખી દશામાનું પૂજન-અર્ચન કરી પોતાની મનોકામના પૂર્ણ કરવા દશામાની ભક્તિમાં લીન બન્યા હતા. અષાઢી અમાસ એટલે કે, દિવાસાથી પ્રારંભ થતાં દશામાના વ્રતના ૧૦ દિવસ સુધી માતાજીની પૂજા, અર્ચના, ભક્તિ કર્યા બાદ નદી અને તળાવના જળમાં મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું.ઉલ્લેખનીય છે કે દસ દિવસના આતિથ્ય માણ્યા બાદ વિસર્જન વેળાએ પૂજા અર્ચના, ઢોલ નગારા સાથે વિસર્જન કરવા આવેલા માય ભક્તો દ્વારા ચઢાવામાં આવતા ફૂલ, હાલ અને ચુંદડીઓ નદીમાં પ્રવાહિત ન થાય અને નદી પ્રદૂષણ મુક્ત રહે તેવા પ્રયાસના ભાગરૂપે તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ નદીમાં મૂર્તિ વિસર્જન કરતા જોવા મળ્યા હતાં. જેમાં નાની મોટી એમ અલગ અલગ સાઈઝ ની મૂર્તિઓ પધરાવવામાં આવી હતી.સાથે જ ગંદકી ન થાય તેની તંત્ર દ્વારા કાળજી રાખવામાં આવી હતી.

# ઓર્ગેનિક ફાર્મિંગ સેમિનારમાં ૯ પ્રગતિશીલ ખેડૂતોનું બહુમાન કરાયું

ગાંધીનગર, તા. ૨૭

કોર્પોરેટ સામાજીક જવાબદારી (સીએસઆર) પ્રવૃત્તિના ભાગરૂપે કેડીલા ફાર્માસ્યુટિકલ્સે તેના ધોળકા સંકુલ ખાતે ઓર્ગેનિક ફાર્મિંગ અંગે એક સેમિનાર અને ચર્ચાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે ૯ પ્રગતિશીલ ખેડૂતો કે જેમણે ઓર્ગેનિક ફાર્મિંગ અને પશુપાલનની પ્રગતિશીલ પધ્ધતિઓ અપનાવી છે તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. પશુપાલન વિભાગ અમદાવાદના પ્રાદેશિક સંયુક્ત નિયામક ડો. કે જી. બ્રહ્મક્ષત્રિયે આ સમારંભમાં હાજર રહેલા ખેડૂતોને ઈન્દ્રશીલ તિર્થ અને શાંતિવન મેમોરિયલનું મહત્વ સમજાવતાં કેડીલા ફાર્માસ્યુટિકલના સ્થાપક ચેરમેન ઈન્દ્રવદન મોદીને શ્રધ્ધાંજલિ આપી હતી અને ઓર્ગેનિક ફાર્મિંગના મહત્વ અંગે વાત કરતી હતી. આ સમારંભમાં રાજયના પશુપાલન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સહિત અમદાવાદ જીલ્લાના ૭૦ કરતાં વધુ ખેડૂતો અને ડેરી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકોએ તાજેતરમાં ઓર્ગેનિક ફાર્મિંગ અંગેની વિવિધ પ્રવૃત્તિઓ બાબતે ચર્ચા કરી હતી.



કેડીલા ફાર્માસ્યુટિલ્સના ડો. યોગશ પહારીયાએ હાજર રહેલા લોકોને કંપનીની વેનટોવા પ્રોડક્ટ રેન્જ અંગે ટૂંકી માહિતી આપી હતી અને પશુઓના આરોગ્ય અંગે કંપનીની કટિબધ્ધતા વ્યક્ત કરી હતી. પશુપાલન વિભાગના અધિકારીઓએ આ પ્રોડક્ટસ અંગે તથા પશુઓનું આરોગ્ય સુધારવામાં કંપનીની કામગીરી અંગે પ્રશંસા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ૯ પ્રગતિશીલ ખેડૂતો કે જેમણે ઓર્ગેનિક ફાર્મિંગ અને પશુપાલનની પ્રગતિશીલ પધ્ધતિઓ અપનાવી છે અને અન્ય લોકોને આવી પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે પ્રેરણા આપી છે તેમનું કેડીલા ફાર્માસ્યુટીકલસ અને પશુપાલન વિભાગે બહુમાન કર્યું હતું.

# સે.૨૬માં આંતરિક રિંગ રોડ પર મિલ્ક વાન સહીત વાહનો ફસાયા..!





ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં જાણે આ વખતનું ચોમાસુ અનેક મુશ્કેલીઓ લઈને આવ્યું હોય તેવી સ્થિતિ સર્જાવા પામી છે. શહેરમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ પાઈપલાઈન નાખવાના કાર્યો માટે કરવામાં આવેલા ખોદકામ પછી અયોગ્ય માટી પુરાણને લીધે વરસાદી વાતાવરણમાં જ્યાં જુઓ ત્યાં ભુવા પડવાની સમસ્યા સર્જાઇ રહી છે.બીજી તરફ શહેરના સેક્ટરોમાં પણ આંતરિક માર્ગો બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યાં છે. શહેરના સેક્ટર-૨૬માં ગ્રીન સિટી ખાતે સોસાયટીના આંતરિક માર્ગોની અત્યંત ખરાબ પરિસ્થતિના કારણે વસાહતીઓ માટે મુશ્કેલી સર્જાઈ છે.

અત્યારે શહેરના માર્ગો પર વાહન લઈને પસાર થવું અત્યંત જોખમી બની ચૂક્યું છે જયારે સેક્ટરોના આંતરિક માર્ગો પણ દયાજનક સ્થિતિમાં જોવા મળી રહ્યાં છે. સે.૨૬માં ગ્રીન સિટી સોસાયટીમાં આંતરિક માર્ગોની દુર્દશાને કારણે વાહનચાલકો હાલાકી ભોગવી રહ્યાં છે અને વાહનોને પણ નુકસાન થઈ રહ્યું હોવાની રાવ ઉઠવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસ અગાઉ શહેરના સેક્ટર-૨૬માં આંતરિક રીંગરોડ પર એક મોટી મિલ્ક વાન સહિત ઘણા બધા વાહનો ફસાયા હતા. સેક્ટરના આંતરિક માર્ગો પર આ પ્રકારની જોખમી સ્થિતિથી નાગરિકો ખૂબ જ ચિંતાજનક સ્થિતિમાં મુકાયા છે.

# જૂજ દિવસ બાકી રહેતા આવકવેરા રિટર્ન ફાઈલ કરવા કરદાતાઓનો ધસારો

ગાંધીનગર, તા. ૨૭

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના આવકવેરા રિટર્નને ફાઈલ કરવાની છેલ્લી તારીખ આગામી તા.૩૧મી જુલાઈ છે જેને આડે હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે કરદાતાઓમાં રિટર્ન ફાઈલ કરવાની ચિંતા જાગી છે અને અત્યારે શહેરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ તેમજ ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરતાં કંસલ્ટન્ટ્સને ત્યાં ધસારો વધી જવા પામ્યો છે. હવે રિટર્ન ફરજીયાત ઓનલાઈન ભરવાના હોવાથી છેલ્લી ઘડીએ સર્વર ધીમું પડી જાય કે નેટ બરાબર ચાલે નહીં અથવા વેબસાઈટ ખુલે નહીં તેવી સ્થિતિમાંથી બચવા કરદાતાઓએ રિટર્ન ફાઈલ કરવા દોડધામ આદરી છે.

શહેરમાં આમ તો મોટો વર્ગ સરકારી કર્મચારીઓનો છે જેમના સેલેરીમાંથી ટીડીએસ અને એડવાન્સ ટેક્સ વગેરે કપાઈ જતાં હોય છે જેથી આઈટી રિટર્ન ફાઈલ કરવું ફરજિયાત બને છે અને રિફંડ લેવાનું થતું હોય તો રિટર્ન ભર્યા વગર તે મળી શકે નહીં. આ ઉપરાંત શહેરમાં મોટી સંખ્યામાં ખાનગી નોકરિયાત અને નાના મોટા ધંધાર્થીઓ પણ વસે છે જેમના માટે પણ લોન કે અન્ય વિવિધ કારણોસર આવકવેરા રિટર્ન ફાઈલ કરવું જરૂરી હોય છે. આ સ્થિતિમાં જે કરદાતાનું રિટર્ન ફાઈલ કરવાનું બાકી છે તેઓ પણ છેલ્લી તારીખ પહેલાં રિટર્ન ફાઈલ થઈ જાય તે માટે સચેત બન્યા છે. આમ તો દેશભરમાં ભારે વરસાદ અને સર્જાયેલી કેટલીક અન્ય સ્થિતિઓને અનુલક્ષીને કેન્દ્ર સરકાર સમક્ષ આવકવેરા રિટર્ન ભરવાની છેલ્લી તારીખને પાછી ઠેલી મુદતમાં વધારો કરવાની દરખાસ્ત કરવામાં આવેલી છે પરંતુ હજુ સુધી તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી જેથી મુદત વધારાય તેવી શક્યતા ઓછી જણાય છે. આ સ્થિતિમાં આવકવેરા રિટર્ન ભરવાનું ના રહી જાય તે માટે કરદાતાઓએ સીએ કચેરીઓ ભણી દોટ મૂકી છે.

# અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી ખાતે કારગીલ વિજય દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૭

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, અડાલજ ખાતે કારગીલ વિજય દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. તેમાં વિદ્યાર્થીઓએ અને ફેકલ્ટીએ દેશભક્તિના ગીતો ગાઈને રાષ્ટ્રીયતાનું આહલાદક વાતાવરણ ઉભું કર્યું. ડૉ. હિરેન ખત્રી અને હિમાંશુ ચાવડાએ પ્રાસંગીક પ્રવચન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના જગાડવા માટે તેમજ



કારગીલમાં શહીદ થયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને કારગીલ યુદ્ધ વિષે માહિતગાર કરીને સૈનિકોના બલીદાનની સમજણ આપવામાં આવી હતી. રાષ્ટ્રગીત સાથે કારગીલ વિજય દિવસનું સમાપન કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર-અમદાવાદમાં સેલ્ફ સ્ટાર્ટર ગ્રૃપ દ્વારા વંચિતોને ચંપલ વિતરણ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૭

સેલ્ફ સ્ટાર્ટર ગ્રૃપ, ગુજરાતના અમદાવાદ-ગાંધીનગર ઝોન દ્વારા તા. ૨૬-૭-૨૦૨૩ના રોજ ગોકુળ આશ્રમ શાળા ગોતા, અમદાવાદ ખાતે અભ્યાસ કરતાં ૨૫૦ જેટલા આર્થિક રીતે જરૂરીયાતમંદ બાળકોને નિઃશુલ્ક ચંપલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ પદે નારાયણ માધુ કે જેઓ સેલ્ફ સ્ટાર્ટર ગૃપના માર્ગદર્શક છે જેમના દ્વારા આ શાળાના વિદ્યાર્થીઓને પ્રાસંગીક ઉદ્બોધન દ્વારા મોટીવેટ કરી ભણીને ખૂબ આગળ વધવાની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમ સાથે સાથે તેમના વરદહસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં સેલ્ફ સ્ટાર્ટર ગ્રુપના સુરેશભાઈ મુલતાની, ઉમેશ ગદાણી (પર્યાવરણ ઈજનેર), અલ્કેશ પંડ્યા, ડૉ. ઉમેશ તરપદા, ડૉ. ચેતન સાંગાણી, પત્રકાર કશ્યપભાઈ નિમાવત, સામાજીક કાર્યકર ચંદ્રકાંતભાઈ સહીત કુલ ૧૦ જેટલા સભ્યો તેમજ ગોકુળ આશ્રમ શાળાના આચાર્ય અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યો હતો.

# આ છે 'ચાલો મોસાળે જઈએ' સ્પર્ધાના વિજેતા બાળકો ..!!



ગાંધીનગર, તા. ૨૭


વેકેશન શરુ થાય એટલે મામાનું ઘર યાદ આવે, વેકેશન દરમ્યાનની સુખદ સ્મૃતિઓ વાગોળતાં રહેવાની મજા જ કઈ અલગ છે. આપણા મૂળ સંસ્કારોની બાળકોમાં જાગૃતતા આવે, ભાવનાત્મક રીતે પણ જોડાય, બાળક સબંધ અને સ્નેહથી બંધાય, મોસાળ પ્રત્યે પ્રેમનો પરિચય થાય એ હેતુસર પ્રવાસ વર્ણન ઈવેન્ટ 'ચાલો મોસાળે જઈએ' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધા બે કેટેગરીમાં યોજવામાં આવી હતી જેમાં ૭ વર્ષ સુધીના બાળકોએ અઢી મિનિટની પ્રવાસ વર્ણન વિડીયો મોકલવાનો હતો જેમાં પ્રથમ ક્રમે કલ્પ સચિન ધોળકિયા અને ક્રિશાંગ સચિન ધોળકિયા, ગાંધીધામ સંયુક્ત વિજેતા જાહેર થયા હતા. જયારે દ્વિતીય ક્રમે અનન્યા સ્મિત ઠક્કર , ભુજ તેમજ તૃતીય ક્રમે ધાર્મિ ગૌરાંગ સોમૈયા, મસ્કા (માંડવી) વિજેતા જાહેર થયા હતા. આ ઉપરાંત અન્ય ૮ વર્ષથી ઉપરની કેટેગરીમાં પ્રવાસ વર્ણન લેખિતમાં રજૂ કરવાનું હતું જેમાં પ્રથમ ક્રમાંકે મિત ધર્મેશ ગજ્જર, દહેગામ ( ગાંધીનગર ), દ્વિતીય ક્રમે કૃશાગ્ર પ્રણવ વચ્છ રાજાની, અમદાવાદ અને તૃતીય ક્રમે હસ્તી પંકજ ગોર વિજેતા થયા હતા. આ સ્પર્ધામાં સૌથી નાની વયના સ્પર્ધક દેવાંશ મિત જોષીને નિર્ણાયક પસંદગી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. સ્પર્ધાને સફળ બનાવવા ધૈર્ય છાયા, ટ્રાન્સલેટર મૌલિક ધોળકિયા અને કવિયેત્રી મમતા જોશી ' મહેક' એ પ્રયાસો કર્યા હતા.

# સંસ્કાર વિના સંપતિ આવી જાય તો વ્યક્તિમાં અભિમાન આવી જાય છે

શ્રલોક : ૧૧

રાવણ શિવભક્ત હતા.

બાળપણમાં માતાની ગોદમાં સૂતા-સૂતા આકાશમાં નિહાળેલા વૈભવી પુષ્પક વિમાનથી આકર્ષાઈને ઉત્સુકતાપૂર્વક માતા પાસેથી એના વિશે જાણકારી મેળવે છે. જેમાં એ વિમાન કુબેરજીનું હોવાનું અને શિવજીની કૃપાથી પ્રાપ્ત થયેલ હોવાનું જાણવા મળે છે. ત્યારથી પ્રભુ શંકરની આરાધનાની ઉત્કંઠા જાગૃત થાય છે. શ્રાપને કારણે રાક્ષસ યોનીમાં જન્મ પામેલા રાવણના પૂર્વ જન્મના સંસ્કાર જાગૃત થાય છે. અને પુલસ્ય પાસે પંચાક્ષર



મંત્રની દીક્ષા લઈ તપસ્યા કરે છે. જંગલમાં કઠોર તપ કરતા-કરતા બાળમાંથી યુવા વય સુધી પહોંચે છે. અતિરુદ્ર યાગ કરવા છતા પ્રભુ પ્રસન્ન થતા નથી. આથી બધું જ શિવને અર્પણ કરવાનો નિર્ણય કરે છે. અતિરુદ્રમાં શિવ ચરણની ભાવના કરી પોતાના મસ્તકોમાં કમળની ભાવના કરે છે. આમ તે પોતાના નવ મસ્તક અગ્નિકુંડમાં અર્પણ કરી દે છે. દસમા મસ્તક માટે તલવાર ઊગામે છે ત્યારે પ્રભુ પ્રગટ થાય છે. રાવણ ભગવાન આશુતોષ ને જોઈ ચરણપૂજા કરે છે. ભગવાન વરદાન માંગવાનું કહેતા અતુલિત સંપત્તિ અને અતુલિત શક્તિનું વરદાન મેળવે છે. આમ, અંતે કોઈ વધુ પ્રયત્ન વિના ત્રિભુવનનું રાજ્ય તેની પાસે આવે છે. દેવતાઓ એના ભવનમાં કામ કરતા જોવા મળે છે. ભગવાન ઈન્દ્ર માળી તરીકે બગીચો સંભાળે છે, અગ્નિ રસોઈયા તરીકે, વરુણ જળ ભરી લાવે છે, ગણેશજી પશુ ચરાવે છે, કાર્તિકેય રથ હંકારે છે આમ, તમામ દેવતા કામે લાગેલા છે. ભગવાન સદાશિવ ભોળા છે. જે માંગે તે આપે છે. એમના અંતરમાં કોઈ પક્ષપાત નથી. દેવ-રાક્ષસ દરેક ને વરદાન આપે છે. શત્રુરહિતનું ત્રિભુવનનું રાજ્ય અને હજારો ભુજાઓનું બળ રાવણને પ્રાપ્ત થયું છે. રાવણે પોતાના મસ્તકની કમળ કલ્પના કરી શિવચરણે સમર્પિત કર્યા છે. આ રાવણની સ્થિર, નિશ્ચયી, દ્રઢ ભક્તિ છે. રાવણની સ્થિર ભક્તિનું આ ફળ છે. સ્થિર ભક્તિ એટલે કે કષ્ટ સહન કરીને પણ ભક્તિ સંબંધિત નિયમોનું પાલન કરવું. જીવનમાં ધરમૂળથી ફેરફાર દ્રઢ ભક્તિથી જ શક્ય છે. સમય-શક્તિને અનુરૂપ નિયમ ગ્રહણ કરો. સ્વયંના વિકાસ માટે પ્રભુ સાથે આત્મીય સંબંધો વધારવા માટે આ કરવાનું છે. આ સ્થિર ભક્તિ ખૂબ મહત્વની છે. મસ્તક ઝુકાવવું એ ચડાવ્યું જ કહેવાય. એટલે કે પોતાના અહંકાર ને ભગવાન ને સમર્પિત કરવો. જે પણ થાય છે, એમના અનુગ્રહથી થાય છે. હું માત્ર નિમિત્ત છું. 'હું' ને સ્થાને પ્રભુને રાખવાથી જીવનમાં સમજદારી વધે છે અને અહંકાર ગલન થાય છે. હુંકાર એ મિથ્યા અભિમાન છે. આપણે આપણા માથાના વાળ પણ ટકાવી શકતા નથી. જે કરી શકીએ છીએ એમાં એની જ શક્તિ કાર્ય કરે છે. અહંકારનું ગલન થવું એ ભક્તિનું ફળ છે. અનન્ય નિષ્ઠાપૂર્વક ભક્તિ જીવ માટે આવશ્યક છે. રાવ કરવા ટેવાયેલા મનને દસેય ઈન્દ્રિયો સહિત ભગવાનના ચરણમાં સમર્પિત કરવાનું છે. જ્યારે સંપત્તિ-બળ સાથે ગર્વ પણ આવી જાય ત્યારે ભગવાન ગર્વનું હરણ કરે છે.

શ્રલોક : ૧૨

ભગવાન સદાશિવ નિત્ય નિરંતર સર્વ પર કૃપા માટે સક્રિય છે. કૃપાના બે પ્રકાર છે. સામાન્ય કૃપા અને કઠોર કૃપા. કઠોર કૃપા દ્વારા ઈશ્વર એ પ્રમાણે પરિસ્થિતિનું નિર્માણ કરે છે. કંઈક ને કંઈક શીખવવા માંગે છે.

જેની પાસે યોગ્ય સંસ્કાર નથી, તેની પાસે સંપતિ આવી જાય તો તેમાં અભિમાન આવી જાય છે. રાવણની માતા કૈકસી, શિવજીના મહાન ભક્ત હતા. ભગવાનનું પૂજન કરતા રહેતા. રોજ પંચધાન માંથી પાર્થિવ લિંગનું નિર્માણ કરી હથેળીમાં ધારણ કરી માનસપૂજા કરી શિવજીનું ધ્યાન કરતા. એકવાર ઈન્દ્ર એ એમની હથેળીમાંથી લિંગ ચોરી ને સમુદ્રમાં નાંખી દીધું. કૈકસી જાગ્યા, શોકગ્રસ્ત થયા, માતાને વિક્ષિપ્ત જોઈ બીજા લિંગ માટેના સૂચન દ્વારા રાવણ માતાને સમજાવવાનો પ્રયત્ન કરે છે. પરંતુ માતાની ઉદાસીનતા દૂર નહીં થવાથી છેવટે રાવણ કૈલાસપતિને કૈલાસ સહિત માતા પાસે લાવવાનું બીડું ઝડપે છે. રાવણ કૈલાસને ઉખેડવાનું શરૂ કરે છે. પાર્વતીજી ડરી ગયા છે.

## શિવમહિમ્નસ્તોત્ર પ્રવચન શ્રેણી પાંચમો દિવસ

ભગવાન સમજી ગયા કે રાવણના ગર્વનું હરણ કરવું જરૂરી છે. ભગવાન પોતાનો અંગુંઠો સહેજ દબાવે છે અને રાવણ સહિત કૈલાસ પાતાળમાં ઊતરી જાય છે. રાવણને ભાન થયું છે. એ ખૂબ રડ્યો છે. અને સામવેદની એક હજાર ઋચાનું ગાન કરે છે. રાવણે પોતાના અંગ ઉપાંગથી વીણાની રચના કરી, તાંડવ સ્તોત્રનું ગાન કર્યું આમ રાવણ તાંડવ સ્તોત્રના રચયિતા બન્યા. પુષ્પદંતાચાર્યજી કહે છે, આપની સેવા થકી જેણે બળવાન ભુજાઓ પ્રાપ્ત કરેલ હતી અને આપના નિવાસ્થાન ને ઉખેડવાનો પ્રયત્ન કર્યો જેથી એને પાતાળમાં ગતિ પ્રાપ્ત થઈ. દુષ્ટ મનુષ્ય પાસે સંપત્તિ આવે તો એ મહા-મોહમાં પડી જાય છે. જેમને બીજાના કષ્ટોની ખબર નથી, એ ન કરવાના પાપ કર્મ કરે છે અને પતન પામે છે. આ ઈશ્વરનું શાસન છે. પ્રશ્ન થાય કે આવું જ છે તો ભગવાન વરદાન કેમ આપ છે !! વરદાનનો સદ્ઉપયોગ ન કરે તો ફરી પતન શરૂ થાય છે. દેવતાઓ જેની રક્ષા કરવા માંગે છે એને સદ્બુદ્ધિ આપે છે. દંડ આપવાનો હોય ત્યારે કુબુદ્ધિ આપે છે.

શ્રલોક : ૧૩

આ શ્રલોકમાં ભગવાન સદાશિવે બાણાસુર પર જે કૃપા કરી એની કથા છે. ભોળાનાથજી એ વરદાન આપી બાણાસુરને અઢળક સંપત્તિ આપી છે. જેની સામે ઈન્દ્રની સંપત્તિ પણ ઝાંખી પડી ગઈ છે. વરદાન જાણે ભગવાન શિવજીનું મુખ્ય લક્ષણ છે. આચાર્ય કહે છે એમાં કોઈ આશ્ચર્ય નથી. આપની સામે મસ્તક ઝુકાવનારને આવું અનન્ય ફળ પ્રાપ્ત થાય જ છે. પ્રહલાદ પુત્ર બલિ અને બલિના પુત્ર બાણાસુર, શિવજીના પરમ ભક્ત છે. જબલપુરની આસપાસ શોણિતપુરમાં એની રાજધાની હતી. તેઓ શ્રાવણ માસમાં દરરોજ એક હજાર પાર્થિવલિંગનું નિર્માણ કરી એની પૂજા કરતા અને પછી નર્મદાજીમાં પધરાવી દેતા. નર્મદાજી એમને ઓગળવા દેતા નહીં અને એને આત્મસાત્ કરતા. તેથીજ આજે પણ નર્મદાજીના કંકર એટલા શંકર એવું કહેવાય છે. ભગવાને આપેલ બે હજાર હાથથી બાણાસુર પૂજન-અર્ચન કરતા અને પ્રસન્ન રહેતા. નિયમ પાલન પછી પ્રસન્નતા થાય એજ સાચી પૂજા-ભક્તિ છે કે જે મને સર્વમાં ઈશ્વરનાં દર્શન કરાવે. બાણાસુરે હજારો હાથથી તાળી પાડી તો ભગવાન શિવજી ખુશ થઈ ગયા છે. અને વરદાન માંગવા કહ્યું. ત્યારે બાણાસુર કહે છે તમે હંમેશા મારી સાથે રહો, મારાથી દૂર ન જાવ. પ્રભુ બાણાસુરના નગરના રક્ષક બનીને રહ્યા. આવા બાણાસુરને શક્તિ-સંપત્તિ પ્રાપ્ત થઈ એમાં આશ્ચર્ય નથી. પ્રભુચરણમાં મસ્તક ઝુકાવનારની ઉન્નતિ થાય જ છે.

શ્રલોક : ૧૪

સમગ્ર સૃષ્ટિના કલ્યાણ અર્થે પ્રભુ એ જે હલાહલ પાન કર્યું એને દર્શાવતા આચાર્ય પુષ્પદંતજી કહે છે કે જ્યાં પણ ભક્તને ભીડ પડે ત્યાં પહોંચી જવાનું અને પીડા દૂર કરવાનું શિવજીને વ્યસન છે. જ્યારે પૃથ્વીનો પ્રલય થવાનો હોય, સમગ્ર બ્રહ્માંડનો ક્ષય થવાનો હોય ત્યારે પ્રભુ આ રીતે ઉપસ્થિત થઈ જાય છે.